# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એજન્ડા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાસ સભા રવિવાર તા.૧૯-૦૨-૨૦૨૩ ના રોજ સવારના ૧૦-૦૦ વાગે મ્યુ.કમ્પાઉન્ડમાં છઠ્ઠા માળે આવેલ "મહાત્મા ગાંધી હોલ" માં નીચેના કામોનો વિચાર કરવા સારૂ મળશે.

૧. સ્ટે.ક.ઠ.નં.૧૪૩૫ તા.૧૦-૦૨-૨૦૨૩નો, મ્યુ.સ્કુલબોર્ડ ઠ.નં.૧૧૯ તા.૧૧-૦૧-૨૦૨૩ની સઘળી હકીકતથી વિદીત થઈ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના પ્રાયમરી એજયુકેશન ફંડના રૂા. ૧૦૭૧ કરોડ (અંકે રૂપિયા એક હજાર ઇકોતેર કરોડ પૂરા)ના અંદાજપત્રની સ્ટે.ક.ઠ.નં.૧૪૩૫ તા.૧૦-૦૨-૨૦૨૩ની ભલામણ અનુસાર કોર્પો.ની મંજુરી મળવા બાબત.

૨. સ્ટે.ક.ઠ.નં.૧૪૩૬ તા.૧૦-૦૨-૨૦૨૩નો, ગ્રંથપાલશ્રીના પત્ર નં.એલઆઇબી/૪૮/૨૦૨૨-૨૩ તા.૦૬-૦૧-૨૦૨૩ તથા વર્ગી નં.૪૩૧ તા.૨૫-૦૧-૨૦૨૩ની સઘળી હકીકતથી વિદિત થઈ શેઠ માણેકલાલ જેઠાભાઇ પુસ્તકાલય વ્યવસ્થાપક મંડળના ઠરાવ નં.૪૦ તા.૨૫-૦૧-૨૦૨૩માં જણાવ્યા અનુસાર શેઠ મા.જે. પુસ્તકાલયને સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે સામાન્ય ખર્ચ અંગે મ્યુ.કોર્પો.ના રેવન્યુ એકાઉન્ટમાંથી નેટ રૂા. ૧૫૨૦.૯૦ લાખ (અંકે રૂપિયા એક હજાર પાંચસો વીસ લાખ નેવુ હજાર પૂરા)ની ગ્રાન્ટની મ્યુ.કોર્પો.ના સને ૨૦૨૩-૨૦૨૪ના અંદાજપત્રમાં જોગવાઈ કરવા તથા તે મુજબ શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયને તેટલી રકમ ગ્રાન્ટ તરીકે આપવાની કોર્પો.ની મંજુરી મળવા બાબત.

૩. સ્ટે.ક.ઠ.નં.૧૪૩૭ તા.૧૦-૦૨-૨૦૨૩નો, ડે.મ્યુ.કમિ.શ્રી(હોસ્પિટલ)નો પત્ર, શેઠ વા.સા.જન.હોસ્પિટલ ખાતુ નં.૧૬૩૫ તા.૨૫-૦૧-૨૦૨૩ની સઘળી હકિકતથી વિદિત થઈ શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ અને શેઠ ચિનાઈ પ્રસુતિ ગૃહ વ્ય.મં.ઠ.નં.૫૧ તા.૨૫-૦૧-૨૦૨૩માં જણાવ્યા અનુસાર શેઠ વા.સા.જનરલ હોસ્પિટલ અને શેઠ ચિનાઇ પ્રસૂતિ હોસ્પિટલની સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે સામાન્ય આવક રૂા. ૨૭૫.૬૫ લાખ અંદાજવાની, સામાન્ય ખર્ચ માટે રૂા. ૧૮૨૬૯.૯૬ લાખ અને અસામાન્ય ખર્ચ માટે રૂા. ૬૩૭ લાખ મળી કુલ ખર્ચ રૂા. ૧૮૯૦૬.૯૬ લાખમાં આવક રૂા. ૨૭૫.૬૫ લાખ બાદ થતાં રૂા. ૧૮૬૩૧.૩૧ લાખ પૈકી રૂા. ૧૮૪૩૧.૩૧ લાખ મ્યુ.કોર્પો.એ ગ્રાન્ટ તરીકે આપવાની તથા રૂા. ૨૦૦ લાખ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની કોર્પો.ની મંજુરી મળવા બાબત.

૪. સ્ટે.ક.ઠ.નં.૧૪૩૮ તા.૧૦-૦૨-૨૦૨૩નો, ટ્રાન્સપોર્ટ કમિટીએ તેના ઠ.નં.૧૨૪ તા.૨૫-૦૧-૨૦૨૩થી તૈયાર કરેલ ટ્રાન્સપોર્ટ સર્વિસના બજેટ એસ્ટીમેટ-"બી" પર સ્ટે.કમિટીએ જરૂરી ચર્ચા-વિચારણા કરી ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના બજેટ એસ્ટીમેટ-"બી" ની તથા મ્યુ.કોર્પો.ઠ.નં.૨૮૫ તા.૨૧-૧૨-૫૦ મુજબ ટ્રાન્સપોર્ટ કમિટી સમક્ષ બજેટ એસ્ટીમેટ-"બી" રજુ કરવામાં તેમજ ટ્રાન્સપોર્ટ કમિટીમાં અને સ્ટેન્ડીંગ કમિટીમાં બજેટ એસ્ટીમેટ-"બી" નિયત સમયમાં પસાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની કોર્પો.ની મંજુરી મળવા બાબત.

૫. સ્ટે.ક.ઠ.નં.૧૪૪૦ તા.૧૦-૦૨-૨૦૨૩ નો, મ્યુ.કમિ.શ્રીએ તેમના પત્ર નં.CA/MIS/SC/11 તા.૩૧-૦૧-૨૦૨૩થી ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૯૫ મુજબ વિગતવાર નોંધ સાથે સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનું ડ્રાફટ અંદાજપત્ર સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરેલ તે તથા મ્યુ.કમિ.શ્રીએ રજુ કરેલ અંદાજપત્ર ઉપર જે સૂચનો થયા છે તે ઉપર સ્ટે.કમિટીએ ચર્ચા-વિચારણા કરી મજકુર ઠરાવમાં જણાવ્યા મુજબના સુધારા-વધારા સાથે ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૯૬ મુજબ તૈયાર કરેલ સને ૨૦૨૩-૨૦૨૪ના અંદાજપત્ર-"એ" ની તથા સને ૨૦૨૩-૨૦૨૪ ની ટેક્ષેસન પ્રપોઝલની ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૯૯ મુજબ કોર્પો.ની મંજુરી મળવા તથા મ્યુ.કો.ઠ.નં.૨૦૦ તા.૧૬-૧૧-૫૦ થી નક્કી થયા મુજબ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ અંદાજપત્ર રજુ કરવામાં જે વિલંબ થયો છે તે તથા અંદાજપત્ર-"એ" તૈયાર કરવામાં સ્ટે.કમિટીને જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની કોર્પો.ની મંજુરી મળવા બાબત.

<u>ટીપ</u>

ટીપ :- ઉપલા કામના કાગળો મ્યુ.કોર્પો.ના સભ્યોને વાંચવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના મેજ ઉપર મુકવામાં આવ્યા છે.

ટીપ :- એજન્ડા પેપરમાં દાખલ થયેલા કામોને કામોની વ્યાખ્યાઓ તરીકે અગર કામોના સાર તરીકે ગણવાના નથી પરંતુ કામોના વિષય પરત્વે સૂચન છે.

સરદાર પટેલ ભવન,
મ્યુનિસિપલ કોર્પોરેશન,
અમદાવાદ તા.: ૧૦-૦૨-૨૦૨૩

મેયરશ્રીના હુકમથી,
સહી : અરૂણ આર. પંડયા
મ્યુનિસિપલ સેક્રેટરી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## નોટીસ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાસ સભા રવિવાર તા.૧૯-૦૨-૨૦૨૩ ના રોજ સવારના ૧૦-૦૦ વાગે મ્યુ.કમ્પાઉન્ડમાં છઠ્ઠા માળે આવેલ "મહાત્મા ગાંધી હોલ" માં નીચેના કામોનો વિચાર કરવા સારૂ મળશે.

૧. અમદાવાદ નગર પ્રા.શિ.સમિતિનું સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનું અંદાજપત્ર મંજુર કરવા.

૨. શેઠ મા.જે.પુસ્તકાલયને સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટે ગ્રાન્ટ આપવા.

૩. શેઠ વા.સા.જનરલ હોસ્પિટલ તથા શેઠ ચિનાઈ પ્રસુતિગૃહના સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષની આવક અંદાજવાની, સામાન્ય અને અસામાન્ય ખર્ચ અંગે મ્યુ.કોર્પો.એ ગ્રાન્ટ આપવાની તથા રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવવાની.

૪. અ.મ્યુ.ટ્રા.સ.નું સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનું અંદાજપત્ર-"બી" મંજુર કરવા.

૫. અ.મ્યુ.કોર્પો.ના સને ૨૦૨૩-૨૦૨૪ ના અંદાજપત્ર-“એ" ની તથા સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષની ટેક્ષેશન પ્રપોઝલની મંજુરી આપવા.

સરદાર પટેલ ભવન,
મ્યુનિસિપલ કોર્પોરેશન,
અમદાવાદ તા.: ૧૦-૦૨-૨૦૨૩

મેયરશ્રીના હુકમથી,
સહી : અરૂણ આર. પંડયા
મ્યુનિસિપલ સેક્રેટરી